# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 14-07-2025 Day: Monday Evening : 6.25 to 6.30 Pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છ યુનિવર્સિટી-એક્સ ટેન્શન સેન્ટર:

ક્રાંતિગુરુ પંડિત શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી દ્વારા ગયાં વર્ષથી કાર્યરત કરાયેલાં એક્સટેન્શન સેન્ટરનો વ્યાપ વિસ્તારવાનો નિર્ણય લેવાયો છે. એક તરફ નેકની માન્યતા મળ્યા બાદ આ શૈક્ષણિક વર્ષથી ચાર એક્સટર્નલ કોર્સ શરૂ થવાના છે, બીજી તરફ એક્સટેન્શન સેન્ટરને મળતા બહોળા પ્રતિસાદને ધ્યાને લઈ વધુ બે કેન્દ્ર કાર્યરત કરવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. અંતરિયાળ વિસ્તારમાં અભ્યાસ કરતી દીકરીઓ અધવચ્ચેથી અભ્યાસ ન છોડે એ માટે ગુજરાતમાં સંભવત પ્રથમવાર કચ્છ યુનિવર્સિટી દ્વારા ઉદ્યોગ જૂથો અને દાતાઓના સહયોગથી ધોળાવીરા, આડેસર, પાનધ્રો, ખાવડા અને ગઢશીશામાં પણ એક્સટેન્શન સેન્ટર કાર્યરત કરાયાં હતાં. આ સેન્ટરને મળેલા સારા પ્રતિસાદને ધ્યાને લઈ ભુજ તાલુકાના ગોરેવાલી અને મુંદરા તાલુકાના લુણી ખાતે નવાં કેન્દ્રો કાર્યરત કરવાનો નિર્ણય લેવાયો છે.

-----------------------------------------------------------------------------------------------

## નાગીયારી આયુષ્યમાન મંદિર :

ગ્રામિણ વિસ્તારમાં છેવાડાના માનવીના સ્વાસ્થ્ય અને આરોગ્યપ્રદ જીવન માટે રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા આયુષ્માન આરોગ્ય મંદિર શરૂ કરાયા છે. જે અંતર્ગત નાગીયારી આયુષ્માન આરોગ્ય મંદિરને 82.37 ટકા સાથે રાષ્ટ્રીય કક્ષાનું નેશનલ ક્વોલિટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ પ્રમાણપત્ર પ્રાપ્ત થયું છે. આ આરોગ્ય કેન્દ્ર નાગિયારી ઉપરાંત આસપાસના ત્રણ ગામના દર્દીને આશીર્વાદ સમાન છે.

-----------------------------------------------------------------------------------------------

## કડિયા ધ્રો-યુવાન ડુબ્યો:

નખત્રાણા તાલુકાના કડિયા ધ્રો વિસ્તારમાં ગઇકાલે ભુજનો 17 વર્ષિય કિશોર નાહવા પડતા ડૂબી ગયો હતો. તેને બચાવવા માટે સ્થાનિકોએ તરત જ શોધખોળ શરૂ કરી હતી. ઘટનાની જાણ થતાં ભુજ ફાયર વિભાગની ટીમ રાત્રે ઘટનાસ્થળે પહોંચી હતી. આધુનિક સાધનો સાથે શોધખોળ શરૂ કરવામાં આવી હતી.ભારે જહેમત બાદ કિશોરનો મૃતદેહ પાંચ કલાક બાદ મળી આવ્યો હતો. તંત્ર દ્વારા આવા જોખમી સ્થળોએ ન જવા માટે વારંવાર અપીલ કરવામાં આવે છે.

---------------------------------------------------------------------------------------------

## કચ્છમાં ઉઘાડની સ્થિતિ:

કચ્છમાં બે દિવસથી વરાપનો માહોલ જોવા મળી રહ્યો છે. ઉઘાડની સ્થિતિ જળવાયેલી રહેતાં વાતાવરણમાં ગરમી અને ઉકળાટનું પ્રમાણ વધ્યું છે. લઘુતમ પારો સામાન્યથી બેથી ત્રણ ડિગ્રી ઊંચો નોંધાતાં ગરમી-ઉકળાટની સ્થિતિ યથાવત રહી હતી. જિલ્લામાં આજે કોઇપણ સ્થળે વરસાદ પડવાના અહેવાલ નથી, માત્ર ક્યાંક તડકો તો ક્યાંક વાદળછાયું વાતાવરણ રહ્યુ હતું.

---------------------------------------------------------------------------------------------

## કપાસના પાકને નુકસાન :

અબડાસા તાલુકાના અમુક વિસ્તારોમાં ભારે વરસાદને પગલે ખેતરોમાં પાણી ભરાઈ જતાં મહિના અગાઉ વાવેલા કપાસના પાકને નુકસાન થયું હોવાનું જાણવા મળી રહ્યું છે. ચાલુ વર્ષે વરસાદ સમયથી વહેલો શરૂ થઈ ગયો છે તેમજ સારા પ્રમાણમાં વરસાદ થયો અને સતત ચાલુ રહ્યો હતો, જેથી નીચાણવાળા વિસ્તારમાં આવેલા ખેતરોમાં પાણી ભરાઈ ગયાં હતા અને હજુ સૂકાયા ન હોવાથી વાવેલા કપાસના પાકને નુકસાની થવાની ભીતિ ખેડૂતો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------

## સચેત એપ્લિકેશન:

વર્ષાઋતુને કુદરતી તથા માનવસર્જિત આપદાઓને ધ્યાનમાં રાખી હવામાન વિભાગ, ભારત સરકાર દ્વારા જીઓ ટાર્ગેટેડ મેનરમાં 'સચેત એપ્લિકેશન' તૈયાર કરવામાં આવી છે. જેથી અલગ અલગ સ્થાનિક ભાષામાં આપદા અંગેનું એલર્ટ મળે છે. આ એપ્લિકેશન NDMAની વેબસાઈટ અને ગૂગલ પ્લે સ્ટોર ઉપર ઉપલબ્ધ છે. આ મોબાઈલ એપ્લિકેશન વરસાદની આગાહી, વીજળીથી બચાવ, ખેતી માટે ઉપયોગી છે. કચ્છના ખેડૂતો, માછીમારો, ઔદ્યોગિક એકમો, આપદા મિત્રો, હોમગાર્ડ, એનસીસી કેડેટસ, સેવાભાવી સંસ્થાઓ, સિવિલ ડીફેન્સ વોલિન્ટરિયર્સ સહિત તમામ નાગરિકોને આ એપ્લિકેશન ડાઉનલોડ કરવા ડીઝાસ્ટર મેનેજમેન્ટ શાખા ભુજ દ્વારા અનુરોધ કરાયો છે.

---

## અબડાસા-રસ્તાના કામોનું ખાતમુહ્રત:

અબડાસા તાલુકામાં રોડ રસ્તાના રુપિયા 5 કરોડથી વધુના વિકાસ કામોનું આજે ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ ખાતમુહૂર્ત કર્યું હતું. અબડાસા તાલુકાના ખીરસરાથી વિંઝાણ રા. 165.30 લાખ, બોહાથી ચીરાસર રૂ. 218.97 લાખ, વમોટી નાનથી મોટી રા. 121.48 લાખ મળી રૂપિયા 5 કરોડથી વધુના માર્ગોનું ખાતમુહૂર્ત કરાયૂ હતું. આ પ્રસંગે ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ જણાવ્યું કે અબડાસા વિધાનસભા હેઠળતા ત્રણે તાલુકાના રોડ-રસ્તાના મંજૂર થયેલા 43 વિકાસ કામો હાલ ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. સરકાર દ્વારા વિકાસ કામો માટે કોઇ કચાશ રાખવામાં નહીં આવે.

---

## રક્તદાન કેમ્પ:

ગાંધીધામમાં ભારત વિકાસ પરિષદ દ્વારા રક્તદાન  કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વાસ્થ્ય અભ્યાસને સંશોધન ઉપરથી રક્તદાન કરવાથી શરીર સ્વસ્થ રહે છે, જેથી વર્ષમાં ઓછામાં ઓછું બેવાર અચૂક રક્તદાન કરવું જોઈએ, તેવો સંદેશ આ શિબિરમાં આપવામાં

આવ્યો હતો. રક્તદાન કેમ્પમાં 526 યુનિટ રક્ત એકત્રિત થયું હતું. દાતાઓ તરફથી રકતદાન કરનારાઓને પાણીની બોટલ અને પેન આપવામાં આવી હતી.

---

## ભુજોડીના કારીગરને એવોર્ડ:

તાજેતરમાં ઓઈમો ઇન્ટરનેશનલ ફેસ્ટિવલ 2025 કિર્ગીસ્તાન સરકાર દ્વારા બીસ્કેક મુકામે યોજાયું હતું. જેમાં 150 દેશમાંથી 82 કારીગરોએ ભાગ લીધો હતો. આ સંમેલનમાં ભુજોડીના હાથ વણાટના કારીગર હિતેશ ડાયાલાલ વણકરની ઇન્ટરનેશનલ બેસ્ટ ટૂરિઝમ પ્રોડકશન એવોર્ડ માટે પસંદગી થઇ છે.

---